# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*******************************************************

1) ચૂંટણી પંચે બિહારમાં ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત 65 લાખ મતદારોના નામ વેબસાઇટ પર અપલોડ કર્યા.

2) આગામી ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે મહારાષ્ટ્રના રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણન NDAના ઉમેદવાર.

3) ચીનના વિદેશ મંત્રી વાંગ યી આજથી બે દિવસની ભારત મુલાકાતે.

4) હિમાચલ પ્રદેશ અને જમ્મુમાં અતિવૃષ્ટિને કારણે પંજાબની નદીઓના જળ સ્તરમાં વધારો.

5) યુક્રેન અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ વચ્ચે આજે વોશિંગ્ટનમાં બેઠક.

6) નીરજ ચોપરાએ 2025 ડાયમંડ લીગ ફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# BIHAR - ELECTORAL ROLL

ચૂંટણી પંચે બિહારમાં વિશેષ સઘન સુધારા- SIR પછી પ્રકાશિત ડ્રાફ્ટ મતદાર યાદીમાં બાકાત રહેલા 65 લાખ મતદારોની યાદી સત્તાવાર વેબસાઇટ અપલોડ કરી છે. તેમાં ડ્રાફ્ટ યાદીમાં તેમનો સમાવેશ ન થવાનું કારણ પણ જણાવાયું છે

બિહાર ચૂંટણી પંચ કાર્યાલયે એક નોટિસમાં જણાવ્યું છે કે BLO એ રાજકીય પક્ષો, બૂથ-સ્તરના એજન્ટોની મદદથી એવા મતદારોની યાદી તૈયાર કરી છે જેમની ગણતરી સ્લિપ પ્રાપ્ત થઈ નથી. નોટિસમાં વધુમાં જણાવાયું છે કે કોઈપણ અસંતુષ્ટ વ્યક્તિ તેના આધાર કાર્ડની નકલ સાથે પોતાનો દાવો રજૂ કરી શકે છે.

# NDA VP CANDIDATE

મહારાષ્ટ્રના રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણન આગામી ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી માટે NDAના ઉમેદવાર હશે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ ગઈકાલે નવી દિલ્હી ખાતે મળેલી સંસદીય બોર્ડની બેઠક બાદ મીડિયાને માહિતી આપતા આ મુજબ જણાવ્યુ. તેમણે કહ્યું કે એનડીએના તમામ સાથી પક્ષોએ આ નિર્ણયને ટેકો આપ્યો છે. તેમણે કહ્યું કે ભાજપ સર્વસંમતિપૂર્ણ ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે તમામ પક્ષો સાથે સંકલન કરવાનો પ્રયાસ કરશે. શ્રી

નડ્ડાએ કહ્યું કે ગયા અઠવાડિયે આ સંદર્ભે એનડીએના સાથી પક્ષો અને વિપક્ષી પક્ષોનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

## (બાઇટ- જે.પી.નડ્ડા)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ પણ બેઠકમાં હાજર રહ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી આવતા મહિનાની નવમી તારીખે યોજાશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સી.પી. રાધાકૃષ્ણનને ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે નિયુક્ત કરવાના એનડીએના નિર્ણયનું સ્વાગત કર્યું છે. પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે શ્રી રાધાકૃષ્ણન એક મજબૂત અને પ્રેરણાદાયી ઉપરાષ્ટ્રપતિ સાબિત થશે

# CHINA FM VISIT

ચીનના વિદેશ મંત્રી વાંગ યી આજથી બે દિવસની ભારત મુલાકાતે આવશે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલના આમંત્રણ પર તેઓ ભારતની મુલાકાત લઈ રહ્યા છે.

ચીનના વિદેશ મંત્રી શ્રી ડોભાલ સાથે ભારત-ચીન સરહદ વિવાદ પર 24મા રાઉન્ડની ખાસ પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટોમાં ભાગ લેશે. તેઓ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે પણ દ્વિપક્ષીય બેઠક કરશે.

# G KISHAN REDDY

કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી કિશન રેડ્ડીએ વિશ્વભરમાં થઈ રહેલા પરિવર્તનોને ધ્યાનમાં રાખીને બાંધકામ કંપનીઓને બાંધકામ ક્ષેત્રમાં ફક્ત સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરવાની અપીલ કરી છે.

હૈદરાબાદ ખાતે એક પ્રોપર્ટી શોમાં બોલતા, શ્રી રેડ્ડીએ કહ્યું કે બાંધકામ કંપનીઓએ ગ્રાહકોના હિત અનુસાર કામ કરવું જોઈએ. શ્રી રેડ્ડીએ સરકાર તરફથી બાંધકામ ક્ષેત્રને તમામ શક્ય સહાયની ખાતરી આપતા બિલ્ડરોએ મકાનો બનાવવામાં ગુણવત્તા સાથે સમાધાન ન કરવા આહ્વાન કર્યું.

શ્રી રેડ્ડીએ કહ્યું કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારને રાષ્ટ્રીય ધોરીમાર્ગોના નિર્માણમાં માળખાગત સુવિધાઓ પૂરી પાડવા માટે પ્રોત્સાહિત કરી રહી છે

# PUNJAB-FLOOD

હિમાચલ પ્રદેશ અને જમ્મુમાં વાદળ ફાટવા અને સતત વરસાદને કારણે પંજાબની નદીઓના પાણીના સ્તરમાં વધારો થયો છે. ખાસ કરીને રાવી અને બિયાસ નદીઓના પાણીના સ્તરમાં ઘણો વધારો થયો છે.

વધુ માહિતી સાંભળીએ અમારા પ્રતિનિધિ પાસેથી..........

(BYTE: RAJESH BALI)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# REV. MAHA-RAIN

**મહારાષ્ટ્રમાં, મુંબઈ, કોંકણ અને ઘાટ વિસ્તારોમાં સતત ત્રીજા દિવસે ભારે વરસાદ ચાલુ રહ્યો છે . કોંકણ, મુંબઈ મેટ્રોપોલિટન રિજન અને પશ્ચિમ મહારાષ્ટ્રના ઘાટ વિસ્તારોમાં આગામી 12 કલાક માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. પાલઘર, થાણે, મુંબઈ શહેર, મુંબઈ ઉપનગરો, રાયગઢ, રત્નાગિરિ, સિંધુદુર્ગ, યવતમાળ, ચંદ્રપુર, ગઢચિરોલી જિલ્લાઓ તેમજ સતારા ઘાટ, કોલ્હાપુર ઘાટમાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.**

**આ અંગે વધુ માહિતી સાંભળીએ અમારા સંવાદદાતા તરફથી...**

**(VC- BHAVNA)**

# J&K-KISHTWAR CLOUDBURST UPDATE

જમ્મુ અને કાશ્મીરમાં, કિશ્તવાડ જિલ્લાના ચિસોટી ગામમાં વાદળ ફાટવાથી ગુમ થયેલા વ્યક્તિઓ માટે શોધ કામગીરી ગઇકાલે સતત ચોથા દિવસે પણ ચાલુ રહી હતી.

અમારા સંવાદદાતા જણાવે છે કે, સેનાના ઇજનેરોએ ગામ અને માચૈલ માતા મંદિર વચ્ચે સંપર્ક પુનઃસ્થાપિત કરવા અને બચાવ કામગીરીને વધુ ઝડપી બનાવવા માટે બેલી બ્રિજ પર કામ શરૂ કર્યું છે. પોલીસ, સેના, NDRF, SDRF, બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન, વહીવટી તંત્ર અને સ્થાનિક સ્વયંસેવકોની ટીમો બચાવ કામગીરી કરી રહી છે. અત્યાર સુધીમાં, 50 મૃતદેહોની ઓળખ કરવામાં આવી છે

ગત 14 ઓગસ્ટના રોજ માચૈલ માતા મંદિરના માર્ગ પરના ચિસોટીમાં વાદળ ફાટવાથી 60 લોકોના મોત થયા હતા અને 80 અન્ય ગુમ થયા હતા, જ્યારે 167 લોકોને બચાવાયા હતા.

દરમિયાન જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કઠુઆના વિવિધ ભાગોમાં ભૂસ્ખલન અને વાદળ ફાટવાથી થયેલા જાનમાલના મોટા નુકસાન પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રી રાહત ભંડોળમાંથી અસરગ્રસ્તોને સહાયની જાહેરાત કરી છે. દરેક મૃતકના પરિવારને બે લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે, આ ઉપરાંત ઘાયલોને એક લાખ રૂપિયા અને સામાન્ય ઇજાગ્રસ્તોને પચાસ હજાર રૂપિયા મળશે. ક્ષતિગ્રસ્ત ઘરો માટે પણ સહાય આપશે

# TRUMP-ZELENSKIY MEET

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોડીમીર ઝેલેન્સકી અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે આજે વોશિંગ્ટનમાં બેઠક યોજાશે.

યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષનો ઝડપી ઉકેલ શોધવા માટે આ બેઠક યોજાઈ રહી છે. આ મહત્વપૂર્ણ બેઠકમાં ટોચના યુરોપિયન નેતાઓ જોડાશે. બેઠકમાં બ્રિટિનના પ્રધાનમંત્રી  કીર સ્ટારમર, ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન, જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ, યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન અને નાટો સેક્રેટરી જનરલ માર્ક રુટ ભાગ લેશે.

સોશિયલ મીડિયા સંદેશમાં, ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા સાથે મોટી પ્રગતિનો ઉલ્લેખ કર્યો છે પરંતુ કોઈ વિગતો આપી નથી. આનાથી આગામી વાટાઘાટોની દિશા અંગે અટકળો વધી ગઈ છે.

# NEERAJ CHOPRA - DIAMOND LEAGUE

વર્તમાન વિશ્વ ચેમ્પિયન અને બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા નીરજ ચોપરાએ આ મહિનાની 27 અને 28 તારીખે સ્વિટ્ઝર્લૅન્ડના ઝ્યુરિચમાં યોજાનારી 2025 ડાયમંડ લીગ ફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. તાજેતરના સિલેસિયા લેગમાં ભાગ ન લેવા છતાં, ચોપરાનું આ સિઝનમાં અગાઉનું પ્રદર્શન તેના ક્વોલિફિકેશનને સુનિશ્ચિત કરવા માટે પૂરતું હતું.

નીરજે 88.16 મીટર સુધી ભાલા ફેંકીને પેરિસ લેગ જીતી હતી. તેણે દોહામાં 90.23 મીટરનો નવો રાષ્ટ્રીય રેકોર્ડ પણ બનાવ્યો, તે જર્મનીના જુલિયન વેબર પછી બીજા સ્થાને રહ્યો.

ઉલ્લેખનીય છે કે નીરજે અગાઉ 2022માં ડાયમંડ લીગ ટાઇટલ જીત્યું હતું અને 2023 અને 2024માં રનર-અપ રહ્યા હતા.

## <u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા</u>

- આજના અખબારોમાં વિવિધ સમાચાર મુખ્ય મથાળામાં જોવા મળી રહ્યા છે
- સંદેશ નું મુખ્ય શીર્ષક છે- દિવાળી પહેલા જીએસટીમાં જંગી રાહત , બે ટેક્સ સ્લેબનો પ્રસ્તાવ સપ્ટેમ્બરમાં બેઠક યોજાશે
- ફૂલછાપનું મુખ્ય શીર્ષક છે- ટેરિફને ટક્કર ઓછો જીએસટી- વધુ સ્વદેશી
- દિવ્ય ભાસ્કર લખે છે- જીએસટી સુધારા :નાની કાર પરનો ટેક્સ ૧૩ ટકા ઘટશે 36,000 સુધી સસ્તી થશે
- ગુજરાત સમાચારે ટ્રંપ ઝેલસ્કીને મળી યુક્રેન યુદ્ધ અંગે નિર્ણય લેશે આ સમાચારને મુખ્ય શીર્ષક બનાવ્યું છે
- નવગુજરાત સમય લખે છે- રાહુલ સોગંદનામુ આપે અથવા દેશની માફી માંગે:ચૂંટણી પંચ
- સંદેશ લખે છે કેટલાક પક્ષ એસઆઈઆરની ખોટી માહિતી ફેલાવી અમને બદનામ કરી રહ્યા છે:CEC
- આ ઉપરાંત વિવિધ અખબારોમાં સીપી રાધા કૃષ્ણન ઉપરાષ્ટ્રપતિ પદ માટે એનડીએના ઉમેદવાર જાહેર કરાયા, લખતર વઢવાણ હાઇવે પર થયેલા અકસ્માત સહિતના સમાચારો પહેલા પાને જોવા મળી રહ્યાં છે